Volume : 1 | Issue : 1 | January 2012 ISSN : 2250 - 1991

Research Paper Economics

# ભારતમાંવસ્તી અને સમસ્યા

* Dr. Ravi B. Dhanani

* Asst. Prof., Shree Matru Mandir B.S.W. College, Rajkot

ABSTRACT

તાજેતરમાંજ સંપન્ન થયેલ વસ્તી ગણતરી પ્રમાણે ભારતની વસ્તી ૧૨૧ કરોડથી વધુ છે. ૨૦૦૧ થી ૨૦૧૧ ના દશકા દરમ્યાન વસ્તામાં ૧૭.૬૩% નો વધારે નોંધાયો. વસ્તી વધારો કોઈપણ દેશના આર્થિક વિકાસ માટે નુકસાનકારણ સાબિત થાય છે. વસ્તીવધારાને કારણે દેશમાંગરીબી, બેકારી, આરોગ્યની સવલતો, રહેઠાણની સગવડો, પ્રદૂષણ જેવી અનેક સમસ્યાઓ સર્જાય છે. વળી વસ્તીવધારાને કારણે આર્થિક વિકાસ માટે મૂડી સર્જન થઈ શકતું નથી અને અનઉપભોક્તાઓનું પ્રમાણ વધારે હોવાથી પણ રાષ્ટ્રની આવક વધી શકતી નથી. પરંતુ આવા લોકોને નિભાવવાનો ખર્ચ ખુબ વધારે જોવા મળે છે. વસ્તી વધારાની સમગ્ર દષ્ટિએ જોઈએ તો સમસ્યાનુંકારખાનુંગણી શકાય. ભારતમાં વસ્તી વધારાના દરને રોકવા માટે જન્મદરનુંપ્રમાણ ઘટાડવુંજોઈએ. આ ઉપરાંત ગરીબી વસ્તી વધારા માટે મહત્વનુંકારણ હોવાથી ગરીબીનુંપ્રમાણ જો ઘટાડવામાં આવે તો વસ્તી વધારાની સમસ્યા હલ કરી શકાય છે.

Keywords : વર્તમાન વસ્તી, વસ્તીવધારાના કારણો, અસરો, ઉપાયો

યુનિસેફના ભૂતપુર્વ મહાનિયામક જેમ્સ ગ્રાંટે જનસંખ્યાની અવસ્થાનું મહત્વ સમજાવતા કહ્યુંહતું કે, સાંપ્રત સમયનો મધ્યવર્તી વિવાદનો મુદ્દો એ છે કે સતત વધતી જતી જનસંખ્યાની સમસ્યાનો ઉકેલ વિશ્વ કઈ રીતે લાવે એ વિચારવુંજરૂરી છે કે જનસંખ્યામાંવૃધ્ધિ માત્ર વસ્તીની સંખ્યાની સમસ્યા નથી, પરંતુ આ સમસ્યા માનવ કલ્યાણ અને વિકાસ સાથે સંબંધિત છે. આપણે જનસંખ્યાના ઉકેલ દ્વારા ગરીબીના સ્થાને સમૃધ્ધિ, નિરક્ષરતાના સ્થાને કેળવણી, માંદગી અને મૃત્યુના સ્થાને આરોગ્યની સ્થાપના કરવાની છે.

ભારત અને ત્રીજા વિશ્વના દેશો આજે વસ્તી વિસ્ફોટના તબક્કામાંથી પસાર થઈ રહ્યા છે. એક એવી દલીલ કરવામાં આવે છે કે આ પરિસ્થિતિ ઉદ્ભવવાનુંએક મહત્વનું કારણ એ છે કે આ દેશોનો આર્થિક વિકાસ વસ્તીવૃધ્ધિ સાથે તાલ મેળવવામાંનિષ્ફળ નિવડેલ છે. વસ્તીનીતિના સિધ્ધાંત અનુસાર જે દેશોમાં પ્રતિવર્ષ ૨.૫% ના દરે વસ્તીવૃધ્ધિ થતી હોય અને જ્યાં અર્થતંત્ર ઘણા લાંબા સમય સુધી વસ્તીના નોંધપાત્ર પ્રમાણને નિભાવી શકતુંન હોય અને વસ્તીનો મોટોભાગ ગરીબાઈની જીવનરેખા નીચે જીવતો હોય તેવા દેશો વસ્તી વિસ્ફોટવાળા દેશો કહેવાય છે. છેલ્લા ૩૫ વર્ષથી ભારત આ પ્રકારની સમસ્યાથી પસાર થઈ રહ્યો છે.

વિશ્વના અમુક દેશો વસ્તી વિસ્ફોટની સમસ્યાનો સામનો કરી રહ્યા છે. ભારત પણ અતિ વસ્તીની સમસ્યાનો સામનો કરી રહ્યુંછે. ૧૯૫૧માં ભારતની વસ્તી લગભગ ૩૬ કરોડ હતી. જ્યારે ૨૦૧૧ માંઆ વસ્તી વધીને ૧૨૧ કરોડની ઉપર પહોંચી ગયેલ છે. ભારતમાંઆ વસ્તી વધારાને વસ્તી વિસ્ફોટ તરીકે ગણવામાં આવે છે. વસ્તીવૃધ્ધિએ જન્મદર અને મૃત્યુદર વચ્ચેના સંબંધો પર આધારિત છે. પરંતુ આ સંબંધો માનવજીવન ઉપર ઊંડી અસર ઉપજાવે છે. ઝડપી વસ્તીવૃધ્ધિને કારણે બેરોજગારી, ગરીબી, રહેઠાણની સમસ્યા, આવકની અસમાનતા, બાળ અને માતામૃત્યુ, ઓછો આર્થિક વિકાસ, ગંદા અને ગીચ વસવાટો, કોમવાદ જેવી અનેક સમસ્યાઓને દૂર કરવા માટે ભારતમાં વસ્તીના અભ્યાસોની આવશ્યકતા રહેલી છે. માટે જ ભારતમાં દર ૧૦ વર્ષે વસ્તી અભ્યાસ થાય છે. તાજેતરમાંજ સંપન્ન થયેલી વસ્તી ગણતરીમાંજાહેર કરવામાં આવેલ આંકડા નીચે પ્રમાણે છે.

| ૨૦૦૧ની સેન્સસ વિગત | | ૨૦૧૧ની સેન્સસ વિગત | | તુલનાત્મક વધારો(%) |
|---|---|---|---|---|
| ૧ પુરુષો | ૫૩૨,૨૨૩,૦૯૦ કરોડ | ૧ પુરુષો | ૬૨,૩૭,૨૪,૨૪૮ કરોડ | |
| ૨ સ્ત્રીઓ | ૪૯૬,૫૧૪,૩૪૬ કરોડ | ૨ સ્ત્રીઓ | ૫૮,૬૪,૬૯,૧૭૪ કરોડ | |
| કુલ વસ્તી | ૧,૦૨૮,૭૩૭,૪૩૬ કરોડ | કુલ વસ્તી | ૧,૨૧,૦૧,૯૩,૪૨૨ કરોડ | |
| ૨ વસ્તી ગીચતા | ૩૨૫ વ્યક્તિ ચો.કિ.મિ. | ૨ વસ્તી ગીચતા | ૩૮૨ વ્યક્તિ ચો.કિ.મિ. | ૧૭.૬૩% |
| ૩ જાતિ પ્રમાણ | ૯૩૩ સ્ત્રીઓ | ૩ જાતિ પ્રમાણ | ૯૪૦ સ્ત્રીઓ | ૧૭.૫૩% |
| | ૧૦૦૦ પુરુષો પ્રમાણ | | ૧૦૦૦ પુરુષો પ્રમાણ | ૦.૭૫% |
| ૪ સાક્ષરતા દર | ૬૪.૮% | ૪ સાક્ષરતા દર | ૭૪.૦૪% | ૯.૨૪% |

ઉપરોક્ત કોષ્ટક પરથી કહી શકાય કે ૨૦૦૧ની તુલનાએ ૨૦૧૧માં ૧૭.૬૩% દરે વસ્તી વધેલ છે. જે અન્ય દાયકાના વસ્તીવૃધ્ધિના દર કરતા ઓછો છે. જ્યારે સાક્ષરતા દરમાં ૯.૨૪% જેટલો વધારો થયેલ છે. જે ભારત દેશના સંદર્ભમાંપ્રસંશનીય ગણી શકાય. જ્યારે પુરૂષોની સાપેક્ષમાંસ્ત્રીઓના જન્મદરમાંવધારો નોંધાયેલ છે. ઈતિહાસના પાને ઈ.સ.૧૯૨૧ના વર્ષને મહાવિભાજક વર્ષ તરીકે ઓળખવામાંઆવે છે. કારણ કે ઈ.સ.૧૯૨૧ ની વસ્તી ગણતરીમાંજ વસ્તી વૃધ્ધિ દરમાંઘટાડો નોંધાયો હતો. હવે છેક ૯૦ વર્ષ બાદ વસ્તીની દષ્ટિએ ઈતિહાસમાંબીજુ મહાવિભાજક વર્ષ ''૨૦૧૧'' ઉમેરાયુંછે તેમ કહેવું વર્તમાન વસ્તીના આંકડા પરથી અતિશયોક્તિ નહી કહેવાય.

છતાંપણ ભારતમાંઆ વસ્તી વૃધ્ધિ દર પણ વધારે કહી શકાય. સામાન્ય રીતે ભારતમાં વસ્તીવધારા માટે મુખ્યત્વે બે પરિબળો જેવા કે ઊંચો જન્મદર અને નીચો મૃત્યુદર જવાબદાર છે. ઊંચા જન્મદરમાંખાસ કરીને ગરીબીનુંપ્રમાણ અને પુરૂષપ્રધાન સમાજ ખુબ જ જવાબદાર છે. વસ્તીવધારાને કારણે ભારતમાંનીચે મુજબની સમસ્યા જોવા મળે છે. જેમાં, અન્નની સમસ્યા, ગરીબીમાંવધારો, બેકારીમાંવધારો, રહેઠાણના પ્રશ્નો, આરોગ્યલક્ષી સમસ્યાઓ, આવકની અસમાનતામાંવધારો, પર્યાવરણની સમસ્યામાંવધારો, સામાજિક દુષણમાંવધારો, આર્થિક વિકાસ પર માઠી અસર પડે છે.

જનસંખ્યા વધે તેની સાથે ચિંતા વધે તે સ્વાભાવિક છે. ભારત વિકાસની દિશામાં હરણફાળ ભરી રહ્યું છે. વિશ્વના દેશો ભારતની વિકાસયાત્રાની નોંધ લઈ રહ્યા છે. દરેક ક્ષેત્રમાંપ્રગતિ થઈ રહી છે અને હવે જનસંખ્યાએ પણ વિશાળ છલાંગ લગાવી દીધી છે. તેની સાથે ઉપરોક્ત સમસ્યાઓ પણ આકાર લઈ રહી છે.

ભારત દેશને એક મહાશક્તિ તરીકે બહાર લાવવા માટે વસ્તી નિયંત્રણ ખુબ જ જરૂરી છે. ભારતમાંવધતી જતી વસ્તીને કાબુમાંલાવવા માટે સૌપ્રથમ ગરીબીમાં ઘટાડો કરવો જરૂરી છે. અર્થશાસ્ત્રી સ્ટકલ કહે છે કે, ''ભારત જેવા દેશોમાંજન્મદર નિયંત્રણમાંમૂડીરોકાણ ઔદ્યોગિક કે કૃષિક્ષેત્રમાંમૂડીરોકાણ કરતા વિશેષ વળતર આપે છે.'' ભારતમાં ઊંચા જન્મદરવાળા પ્રથમ પાંચ રાજ્યોમાંગ્રામીણ ગરીબી અને શહેરી ગરીબીમાંઆવતા કુટુંબોમાંજો દંપતી બે બાળક પછી શસ્ત્રક્રિયા અપનાવે તો તેમને આજીવન માસિક રૂા.૫૦૦ વળતર ચૂકવવુંજોઈએ. આ યોજનાથી ગ્રામીણ શહેરી ગરીબ કુટુંબની વાર્ષિક આવક રૂા.૬૦૦૦ જેટલી વધશે. આ યોજના રાષ્ટ્રીય ગ્રામીણ બાહેંધરી યોજના કરતા વિકાસની દષ્ટિએ ફળદાયી બનશે. આ યોજનાને લીધે ગરીબોની આવકમાંવધારો થશે. પરિણામે ગરીબોની સંખ્યા ઘટશે. જેથી જન્મદર પણ ઘટશે પરીણામે ગરીબ કુટુંબનુંઆરોગ્ય સુધરશે. આ યોજનાથી સરકારના ખર્ચમાંઘટાડો થશે. આ ઉપરાંત વસ્તી નિયંત્રણ માટે સ્ત્રી શિક્ષણના પ્રમાણમાંવધારો, બાળમૃત્યુના પ્રમાણમાંઘટાડો, માતામૃત્યુના પ્રમાણમાંઘટાડો લાવવો પણ ખુબ જ જરૂરી છે. ઉપરાંત આવકની અસમાનતામાંઘટાડો કરવાથી ચોક્કસપણે વસ્તી નિયંત્રણ થઈ શકશે. ભારતમાંવસ્તી વિસ્ફોટ પરના ઉપરોક્ત પ્રકારે નિયંત્રણ અને આયોજન પર ભાર મુકવામાંઆવે તો આ એક સમસ્યા નહિ પરંતુ શક્તિનું સ્વરૂપ પણ બની શકે છે અને આપણે જે ભારતને વિશ્વની મહાસત્તા બનાવવા માંગીએ છીએ તે લક્ષ્ય સિધ્ધ થઈ શકશે.

REFERENCES

Social Problems in India (Ram Ahuja, 2007) | પ્રા. કે.વી.ઓઝા(જુલાઈ ૨૦૧૧), જનસંખ્યા ગણતરીનું અર્થચિત્ર : ઈ.સ.૨૦૧૧, યોજના, ISSN-0971-8397 (6,8,9) | ઘડિયાળી સોહેલ(જુલાઈ ૨૦૧૧), ભારતની વસ્તી ગણતરી-૨૦૧૧ : ગુજરાત કહી ખુશી કહી ગમ, યોજના, ISSN-0971-8397(36) | મેહુલ ભટ્ટ(જુલાઈ ૨૦૧૧), આપની વસ્તી આપણુંભવિષ્ય, યોજના, ISSN-0971-8397(49) | હર્ષદ રાવલ(જુલાઈ ૨૦૧૧), વસ્તી વિસ્ફોટ એક સમસ્યા કે શક્તિ સ્વરૂપ?, યોજના, ISSN-0971-8397(53)